સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત.

૨૦૨૫-૨૬

જનરલ/ આ.વિ.પે.ચો.

વન સંશોધન, તાલીમ, પ્રચાર(૨૬-૨૪૦૬), તથા વન સંશોધન યોજના (૨૬-૪૪૦૬,૯૬-૨૪૦૬), વિભાગ-૨ (ચાલુ બાબત)

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

ઠરાવ ક્રમાંક: FED/BGT/e-file/6/2024/2496/M

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :-**

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપના, ગાંધીનગરનો તા.૨૯/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:PCCFO/BGT/e-file/129/2025/1570/Financial Management.

**ઠ રા વ**

સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં વિભાગ-૨, ચાલુ બાબત માટે વન સંશોધન, તાલીમ, પ્રચાર(૨૬-૨૪૦૬) તથા વન સંશોધન યોજના (૨૬-૪૪૦૬, ૯૬-૨૪૦૬) હેઠળ અનુક્રમે રૂ.૨૬.૫૦ કરોડ, રૂ.૧૭.૦૦ કરોડ અને રૂ.૫.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણમાં લીધેલાં પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

**૨.** પ્રસ્તુત બાબતમાં વિચારણાના અંતે, વંચાણમાં લીધેલાં પત્રથી દરખાસ્ત કર્યા મુજબ સદર યોજના હેઠળના ચાલુ પ્રકારના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારુ નીચે જણાવેલ શરતોને અધીન સને ૨૦૨૫-૨૬ના સમગ્ર વર્ષ માટે અનુક્રમે રૂ.૨૬.૫૦ કરોડ, રૂ.૧૭.૦૦ કરોડ અને રૂ.૫.૦૦ કરોડનો ખર્ચ કરવા માટેની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| **ક્રમ** | **યોજનાનું નામ** | **સદર** | **આવર્તક જોગવાઇ** | **અનાવર્તક જોગવાઇ** | **કુલ જોગવાઇ (રૂ.કરોડમાં)** |
|---|---|---|---|---|---|
| ૧ | વન સંશોધન, તાલીમ અને પ્રચાર | ૨૬-૨૪૦૬ | ૬.૮૨ | ૧૯.૬૮ | ૨૬.૫૦ |
| ૨ | વન સંશોધન યોજના | ૯૬-૨૪૦૬ | ૨.૬૩ | ૧૪.૩૭ | ૧૭.૦૦ |
| ૩ | વન સંશોધન યોજના | ૨૬-૪૪૦૬ | ૦.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |

૩. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

**(ક) વન સંશોધન, તાલીમ અને પ્રચાર (૨૬-૨૪૦૬)**

| અ.નં. | કામગીરીની વિગત | રૂપિયા (કરોડમાં) |
|---|---|---|
| ૧. | પગાર | ૬.૮૨ |
| ૨. | વન પ્રચારની કામગીરી | ૪.૨૯ |
| ૩. | અધિકારીઓ તથા કર્મચારીઓ માટે વહીવટી અને તાંત્રિક બાબતોના તાલીમ કાર્યક્રમો કામગીરી | ૧.૩૪ |
| ૪. | વન સંશોધનની કામગીરી/ મકાનોનો નિભાવ ખર્ચ | ૬.૫૫ |
| ૫. | વન સંશોધન પ્રિપેરેશન ઓફ વર્કિંગપ્લાનની કામગીરી | ૦.૧૧ |
| ૬. | વન સંશોધન મેનગ્રૂવ ફોરેસ્ટ રીસર્ચની કામગીરી | ૦.૦૫ |
| ૭. | વન્યપ્રાણી જીવન શિક્ષણ, સમજણ અને તાલીમની કામગીરી | ૫.૦૭ |
| ૮. | જૈવિક વિવિધતાની માહિતી એકઠી કરવા જૈવિક સર્વેની કામગીરી | ૦.૦૭ |
| ૯. | રીમોટ સેન્સીંગની ટેક્નોલોજી મારફત વન વિસ્તારની મળભત કામગીરી | ૦.૩૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | (૦૪) કચેરી ખર્ચ | ૧.૯૦ |
| | કુલ | ૨૬.૫૦ |

**(ખ) વન સંશોધન યોજના (૯૬-૨૪૦૬)**

| અ.નં | કામગીરીની વિગત | રૂપિયા (કરોડમાં) |
|---|---|---|
| ૧. | મહેકમનો પગાર | ૨.૬૩ |
| ૨. | સ્ટાફ તાલીમની કામગીરી | ૫.૧૨ |
| ૩. | વન પ્રચારની કામગીરી | ૧.૭૫ |
| ૪. | વન સંશોધનની કામગીરી | ૫.૯૫ |
| ૫. | વન સંશોધન (ડાંગ આદિવાસી) | ૦.૨૫ |
| ૬. | જૈવિક વિવિધતાની માહિતી એકઠી કરવાની કામગીરી | ૦.૨૬ |
| ૭. | રીમોટ સેન્સીંગની કામગીરી | ૦.૧૪ |
| ૮. | (૧૩) કચેરી ખર્ચ | ૦.૯ |
| | કુલ | ૧૭.૦૦ |

**(ગ) વન સંશોધન યોજના (૨૬-૪૪૦૬)**

| અ.નં. | કામગીરીની વિગત | રૂપિયા (કરોડમાં) |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય કક્ષાનું ઇન્ટરપ્રિટેશન સેન્ટર બનાવવાની કામગીરી | ૫.૦૦ |
| | કુલ | ૫.૦૦. |

૪. આ યોજનાને નીચેની શરતોને અધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પદ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું

ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

૯. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૧૧. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજૂ કરવાનું રહેશે.

૧૨. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. આ યોજના અંતર્ગત કરવાની થતી કામગીરીમાં વિભાગની અન્ય યોજના સાથે ડુપ્લીકેશન ન થાય તેની તકેદારી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને સબંધિત અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીએ રાખવાની રહેશે.

૧૫. આ યોજનાના ભાગરૂપે હાથ ધરવાની થતી કાર્યવાહી પૈકી સર્વેક્ષણ, પ્રચાર, પ્રસાર, જાગૃતિના કાર્યક્રમો વગેરે માટે થનાર ખરીદી માટે નિયત પ્રક્રિયા અનુસરવાની રહેશે .

૧૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૭. CM Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૧૮. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

૧૯. આ યોજનાનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૫થી કરવાનો રહેશે.

**૫.** આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને અધીન ઉધારીને સને ૨૦૨૫-૨૬ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬-વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧-વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૦૦૫-વન સંપત્તિની મોજણી અને ઉપયોગ |
| પેટા સદર | : | (૦૧) વન સંશોધન, તાલીમ અને પ્રચાર |

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૯૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર | : | ૨૪૦૬-વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧-વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૭૯૬-આદિજાતી વિસ્તાર પેટા યોજના |
| | | |
| પેટા સદર | : | (૦૩) FST-15 વન સંશોધન |

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેક્ટર | : | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબ. |
| સબ સેક્ટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓના મૂડી હિસાબ. |
| મુખ્ય સદર | : | ૨૪૦૬-વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧-વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૮૦૦- અન્ય ખર્ચ |
| પેટા સદર | : | (૦૧) FST-15 વન સંશોધન |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૫ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ.

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વનદળના વડા, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સંશોધન અને તાલીમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, નાણાકીય વ્યવસ્થાપન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા.
- સિલેક્ટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ – વિભાગની વેબસાઈટ પર મૂકવા માટે.

*Signature Not Verified*
*Signed by:Himanshu Gohil*
*Under Secretary*
*Date:2025.04.04*
*11:17:33 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*